॥ શ્રી રંગ ચાલીસા ॥

ૐ

॥ શ્રી રંગ જય રંગ જય જય રંગ ॥

દોહરા

શ્રી ગુરુ ચરણ તીરથ અતિ, સકળ વિશ્વની માંહ્ય
પાપીને પાવન કરે, ઘન ઘન શ્રી ગુરુ રાય...૧
પામર હું અજ્ઞાની છું, રંગ ઝાલજો મારો હાથ
કૃપા કરી સ્વીકારજો, મારા નારેશ્વરના નાથ...

જય જય જય જય રંગ અવધૂતા
રૂકમાનંદન પરમ પુનિતા...૧
અધમ ઓધારણ પર દુઃખ ભંજન
ૐ ગુરુ ગુરુ ૐ અલખ નિરંજન...૨
વિઠ્ઠલ રુકમાને નિમિત્ત કરીને
શ્વાસા સાથે દત્ત જપીને...૩
રંગ રૂપે શ્રી દત્ત પધાર્યા
દેવ-દેવી સૌ ઉર હરખાયા...૪
જન્મ આગમને આગ બુઝાવી
જય જય પાંડુ રંગ કહાવી...૫
રામ નામની ધૂન જગાડી
મોહ-માયા મદ લોભ ભગાડી...૬
પાવન કીધું ગોધરા ગામ
શુકલ કૂવાનો ખાંચો આમ...૭
બાળ લીલા અદ્‌ભૂત બહુ કીધી
સત્ય સ્વરૂપની ઓળખ દીધી...૮
સ્વામી મા'રાજનાં અંકે બીરાજી
સ્વ.ને સોંપી બન્યા બહુ રાજી...૯
સ્વપના દેશથી સુકૃત ફળિયા
નામ નિરંતર પલે પલે ઘરિયા...૧૦
દેશ દાઝની હોળી સળગી
પદવી દાનને કરી નાંખી અળગી...૧૧
સત્યાગ્રહમાં છલંગ લગાવી
ગાંધી બાપુના ઉર હરખાવી...૧૨
સત્ય અસત્યના અનુભવો લીધાં
બંધુ નારણને જ્ઞાન બોધ દીધાં...૧૩

તપસી મહાત્મા છોટુભાઈ
જગ છોડી સાંધી આત્મ સગાઈ...૧૪
સંત સિદ્ધોના વેણ અનુસરી
મા રેવાને તીરે બહુ ફરી...૧૫
રણાપુર ગામે મહાત્માને મળિયા
શ્રી દાસકાકાને હૃદયે વસિયા....૧૬
દિવ્ય તેજ રંગ રૂપ પિછાની
દાસ પરિવારે ગુરુ લીધાં માની...૧૭
એકાંત વાસ નિત સાધના માટે
નજર કરી નારેશ્વર વાટે...૧૮
પ્રેત નિશાચર વિષધર પ્રાણી
ભાળી આવે ના કોઈ મન માની...૧૯
સ્થાન ગમ્યું આ પાંડુરંગને
ભૂધરા નાચી જોઈ આનંદને...૨૦
કૃપર્દીશ્વર મહાદેવ અહીં ભોળા
રંગ બીરાજે કહી બંબં બોલા..૨૧
ગૌરીનંદનનું નર્તન નિહાળી
શ્રી રંગે તન તપથી શણગારી...૨૨
નિર્ભય કીધો વન વગડાને
રંગ હરખાયા જોઈ લીમડાને...૨૩
સુરતા સાધી આસનવાળી
આવે દત્ત દોડી ગિરનારી...૨૪
ધૂપ સુગંધ અલૌકિક મનહર
એ મસ્ત લૂંટતા બ્રહ્મા હરિ હર...૨૫
પપી હરા ૐ કાર ટહૂકારે
મયુર નાચતા રંગ રણકારે...૨૬

દોહરા

જય જય જય અવધૂતજી જય સદગુરુ મહારાજ
ચરણે તમારાં રાખજો, એ જ વિનંતી આજ
વચન સિદ્ધિ આ ચાલીસા, લખાવનારો રંગ
શ્રદ્ધા ભાવે સેવતાં, નીરખે દત્ત રે રંગ...

અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત
॥ ૐ સાઇ રામ ॥ ॥ શ્રી ગુરુદેવ દત્ત ॥
- શ્રી જગદીશાનંદજી (રંગબાળ)

ચૌદ ભુવન સુખ ઓછું પડતું
ભવ ભવનું દુઃખ પલમાં હરતું...૨૭
કલ્પવૃક્ષનો અહીં ના તોટો
જગમાં જડે ના એનો જોટો...૨૮
રંગ મોને જગ નાટય નિહાળે
અમૃત રંગ ભર ભર પીવડાવે...૨૯
સકળ વિશ્વના તારણહારા
ભક્તજનોના પ્રાણધારા...૩૦
શરણાગત દીન પતિતોદ્ધારક
સ્મર્તૃગામી વત્સલ કલિતારક...૩૧
રડતા થાયે હસતાં અહીં ઝટ
પરસ્પરે વદતાં ગુરુ દેવદત્ત...૩૨
રંગ રંગ હર શ્વાસે સ્મરતાં
સકળ દેવ સૌ ઉરમાં વસતાં...૩૩
ૐકાર સ્વરૂપી પરમ અનંતા
કૃપા નિધાન તું છે ભગવંતા...૩૪
જડ ચેતનમાં રંગ સમાયો
દત્ત દિગંબર મન લુભાયો...૩૫
અલખ નિરંજન નાચી ગાયો
રાગ દ્વેષ સૌ ભેદ મિટાયો...૩૬
જે કોઈ ભાવે ગાયે આ ચાલીસા
ઉર હરખાયે જય જગદીશા...૩૭
ભવ સાગરથી પાર ઉતરાવે
જન્મ મરણ એનો સુધરાવે...૩૮
શ્રી રંગ જય રંગ જય જય રંગ
જયાં દેખો ત્યાં રંગ હી રંગ..૩૯
આનંદી એ પરમાનંદ રંગ
રંગ વિણ દૂજો નાહી કો રંગ...૪૦